ભારતીય જનતા પાર્ટીનો દરેક કાર્યકર્તા જનતાની સેવા માટે સમર્પિત છે : ભૂપેન્દ્ર પટેલ

ગાંધીનગર, તા.૨

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં 'ઇમરજન્સી મેડિકલ ડે' નિમિત્તે અમદાવાદની બી.જે.મેડિકલ કોલેજ ખાતે ભારતીય જનતા પાર્ટી - કર્ણાવતી મહાનગર દ્વારા 'કાર્યકર્તા ઝૅઇ ટ્રેનિંગ અભિયાન'નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, આપણે સૌએ તાજેતરમાં અનેક એવા કિસ્સાઓ જોયા છે કે કોવિડની મહામારી બાદ નાની વયે હાર્ટ એટેકનું પ્રમાણ વધી રહ્યું છે. સમાન્ય રીતે હાર્ટ એટેકના કિસ્સામાં ૧૦ થી ૨૦ મિનિટના 'ગોલ્ડન ઓવર'માં જો દર્દીને પ્રાથમિક સારવાર મળી રહે તો તેનો જીવ બચી શકે છે ત્યારે આ અંગેની જાગૃતિ લાવવા માટે રાજ્ય સરકાર, ભારતીય જનતા પાર્ટી તેમજ ડોક્ટર સેલ દ્વારા 'કાર્યકર્તા ઝૅઇ ટ્રેનિંગ અભિયાન'નું આયોજન કરવામાં આવ્યું છે.

મુખ્યમંત્રી શ્રીએ વધુમાં કહ્યું કે, આજે રાજ્યની ૩૮ મેડિકલ કોલેજોમાં ૧૨૦૦ થી વધુ તબીબો દ્વારા ગુજરાતના અંદાજિત ૭૦ હજારથી વધુ ભારતીય જનતા પાર્ટીના કાર્યકરોને ટ્રેનિંગ આપવામાં આવી રહી છે જેનો એક વર્લ્ડ રેકોર્ડ નોંધાવા પણ જઈ રહ્યો છે.

ભારતીય જનતા પાર્ટીના કાર્યકરની કટિબદ્ધતા અંગે મુખ્યમંત્રી શ્રી એ કહ્યું કે, ભારતીય જનતા પાર્ટીનો કાર્યકર્તા ગમે તેવી મુશ્કેલી હોય ત્યારે સેવાના કામમાં જરૂર આવીને ઉભો રહે છે. ભારતીય જનતા પાર્ટીનો દરેક કાર્યકર્તા જનતાની સેવા માટે સમર્પિત છે. સમર્પિત કાર્યકર્તાઓને કારણે જ દરેક અભિયાન શક્ય અને સફળ બનતું હોય છે.

રાજ્યમાં કોરોનાના નવા ૩૦૧ કેસ

એક્ટિવ કેસનો આંક ૨૩૩૨ને પાર પહોંચ્યો : રાજ્યમાં ૧૦ જેટલા દર્દીને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા છે જ્યારે ૨૩૨૨ દર્દીની તબિયત સ્થિર છે

અમદાવાદ, તા.૨

ગુજરાતમાં કોરોના વાયરસના આજે નવા ૩૦૧ કેસ નોંધાયા છે. જેમાં અમદાવાદમાં સૌથી વધુ ૧૧૪ કેસ નોંધાયા છે. જ્યારે ૨૬૩ દર્દીઓને રજા આપવામાં આવી છે. રાજ્યમાં કોવિડ ૧૯થી સાજા થવાનો રેસિયો ૯૮.૯૬ ટકા પર છે. પરંતુ આજે એક સારા સમાચાર એ છે કે આજે એકપણ દર્દીનું મોત થયું નથી.

રાજ્યમાં હાલ કુલ દર્દીઓની વિગતની વાત કરીએ તો સમગ્ર ગુજરાતમાં કોરોના વાયરસના કુલ ૩૦૧ કેસ નોંધાયા છે. તો બીજી તરફ, ૨૬૮ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. હાલ ગુજરાતમાં કોરોના વાયરસના કુલ ૨૩૩૨ એક્ટિવ કેસ છે. આ ઉપરાંત ૧૦ જેટલા દર્દીને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા છે. જ્યારે ૨૩૨૨ દર્દીની તબિયત સ્થિર છે. ઉલ્લેખનીય છે કે, કોરોના વાયરસથી અત્યાર સુધીમાં કુલ ૧૧૦૫૫ દર્દીના મોત નીપજ્યા છે. તો ૧૨ લાખથી વધુ દર્દી સાજા થઈને ઘરે પરત ફર્યા છે.

રાજ્યમાં આજે નોંધાયેલા કેસની વાત કરીએ તો, અમદાવાદ કોર્પોરેશન - ૧૧૪, મહેસાણા - ૩૪, વડોદરા કોર્પોરેશન - ૨૪, રાજકોટ કોર્પોરેશન - ૨૦, સુરત કોર્પોરેશન - ૨૦, વડોદરા - ૧૨, રાજકોટ - ૧૧, વલસાડ - ૭, ગાંધીનગર - ૬, સુરત - ૬, આણંદ - ૫, ભરૂચ - ૫, પંચમહાલ - ૫, જામનગર કોર્પોરેશન - ૪, મોરબી - ૪, પાટણ - ૪, અમદાવાદ - ૩, બનાસકાંઠા - ૩, ભાવનગર - ૩, ખેડા - ૩, દેવભૂમિ દ્વારકા - ૧, ગાંધીનગર કોર્પોરેશન - ૧, કચ્છ - ૧, મહિસાગર - ૧, નવસારી - ૧, પોરબંદર - ૧, સાબરકાંઠા - ૧, સુરેન્દ્રનગર - ૧ છે. ઉલ્લેખનીય છે કે, કોરોનાના વધતા કેસને ધ્યાને રાખી ગુજરાતીઓએ ફરીથી સાવધાન રહેવાની જરૂર છે અને જો કોઈપણ લક્ષણ દેખાય તો તાત્કાલિક તેની સારવાર કરાવવી જોઈએ.

અરવલ્લીમાં બેકાબૂ ટ્રકની બાઈક સાથે ગંભીર ટક્કર

ઘટનામાં પતિ-પત્ની સહિત ૨ બાળકોના કરૂણ મોત : બાયડમાં માર્ગ અકસ્માત દરમિયાન પરિવાર વિખેરાયો : મામલામાં પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી દીધી

અરવલ્લી, તા.૨

ગુજરાતમાં માર્ગ અકસ્માતના કિસ્સા સતત વધી રહ્યા છે. ત્યારે બાયડમાં બેફામ આવતા ટ્રકે બાઈકને ટક્કર મારી દીધી છે.

એટલું જ નહીં આના પરિણામે બાઈક ફંગોળાઈ ગયું હતું. પ્રાથમિક માહિતી પ્રમાણે બાઈક પર પતિ-પત્ની અને ૨ બાળકો સવારી કરી રહ્યા હતા. ઘટનાસ્થળે ૪ લોકોના મોત થયા હોવાની વિગતો સામે આવી રહી છે. જોકે અત્યારે પોલીસે અહીં પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી દીધી છે.

નોંધનીય છે કે ટ્રક ચાલકે અચાનક જ સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવી દીધો હતો. જેને લઈને માર્ગ પર તે બેફામ ચાલી રહી હતી. આ દરમિયાન બાયડમાં બાઈક પર પતિ, પત્ની અને ૨ બાળકો સવાર હતા. અચાનક જ બેકાબૂ ટ્રકે તેમને જોરદાર ટક્કર મારતા બાઈક ફંગોળાઈ ગયું હતું. આ અકસ્માત સર્જાતા જ આસપાસ લોકો પણ ગભરાઈ ગયા હતા. તેમણે એમ્બ્યુલન્સ બોલાવી તથા પોલીસને પણ આ અકસ્માત અંગે જાણ કરી દીધી હતી.

અકસ્માત થયા બાદ પોલીસે પ્રાથમિક માહિતી બહાર પાડતા કહ્યું કે વહેલી સવારે ન્ૅ સપ્લાય કરતા ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માત થયો હતો. બાઈક પર સવાર ૪ લોકોના કરૂણ મોત નીપજ્યા છે. તો બીજી બાજુ એવી માહિતી મળી રહી છે કે પૂર ઝડપે આવતી ટ્રકના સ્ટિયરિંગ પરથી ડ્રાઈવરે કાબૂ ગુમાવી દીધો હતો. જેના પગલે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે.

આજે રાહુલ ગાંધી લિગલ ટીમ સાથે સુરત આવશે

દિલ્હીના નિષ્ણાત વકીલોની ટીમ રાહુલનો કેસ લડશે : સોમવારે સુરત સેસન્સ કોર્ટમાં જ અપીલ કરશે

સુરત, તા.૨

મોદી સરનેમ પર ટિપ્પણી કર્યા બાદ રાહુલ ગાંધીને મોટો ફટકો પડ્યો. સુરત કોર્ટે માનહાનિ કેસમાં તેમને સજા ફટકારી. જેના બાદ તેમણે સંસદ સભ્ય પદ ગુમાવ્યું. ત્યારે આવતીકાલે રાહુલ ગાંધી ફરી સુરત આવશે. રાહુલ ગાંધી અને તેમની લિગલ ટીમ સુરત કોર્ટમાં અપીલ કરશે. રાહુલ ગાંધી સુરત સેસન્સ કોર્ટમાં અપીલ કરશે. માનહાનિ કેસમાં સુરત કોર્ટે રાહુલને બે વર્ષની સજા ફટકારી છે. તેથી સોમવારે સુરત સેસન્સ કોર્ટમાં જ અપીલ કરવામાં આવશે. દિલ્હીના નિષ્ણાત વકીલોની ટીમ રાહુલ ગાંધીનો કેસ લડશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાહુલ ગાંધી મોદી અટક માનહાનિ કેસ માટે સોમવારે ફરીથી સુરતમાં આવશે. તેઓ સોમવારે સુરતમાં ઉપલી કોર્ટમાં આ નિર્ણયને પડકારશે. બીજી બાજુ ચૂંટણી કેરળમાં ચૂંટણી આવવાની છે. ત્યારે ચૂંટણી પંચે પણ કેરળની વાયનાડ બેઠક માટે પેટાચૂંટણી જાહેર કરી નથી. કારણ કે, કોર્ટ તરફથી રાહુલને અપીલમાં જવા માટે ૩૦ દિવસનો સમય આપવામાં આવેલો છે.

ત્રણ વર્ષ પહેલા કર્ણાટક ખાતે લોકસભાની ચૂંટણી પ્રચાર સભામાં કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ મોદી સમાજ વિરુદ્ધ ટીપ્પણી કરી હતી. જેને લઈને જેથી સુરતી મોઢવણિક સમાજના પ્રમુખ તથા સુરતના ધારાસભ્ય પૂર્ણેશ મોદીએ રાહુલ ગાંધી વિરુદ્ધ માનહાનિનો દાવો કર્યો હતો. હાલમાં સુરતની ચીફ કોર્ટમાં ચાલતી આ કેસની કાર્યવાહી દરમિયાન અગાઉ આરોપી રાહુલ ગાંધીએ સુરત કોર્ટમાં હાજર રહીને ગુનાના આક્ષેપોને નકારી કેસ કાર્યવાહીનો સામનો કરવાની તૈયારી દાખવી હતી.

ચાર વર્ષ પહેલા મોદી સરનેમ પર ટિપ્પણી કરનારા રાહુલ ગાંધીને સુરત કોર્ટ દ્વારા સજા કરાઈ છે. ઉપરથી રાહુલ ગાંધીને સંસદ સભ્ય પદ પરથી હાથ ધોવો પડ્યો છે. સાથે જ તેઓ આગામી ૬ વર્ષ સુધી ચૂંટણી નહિ લડી શકે.

આંતરરાજ્ય ચાઈલ્ડ ટ્રાફિકિંગ રેકેટનો પોલીસ દ્વારા પર્દાફાશ

ત્રણ સગીરાને દલાલના સંકજામાંથી પોલીસે મુક્ત કરાવી : જાગૃત નાગરિકે ફોન કરી એક શંકાસ્પદ ઈસમ ત્રણ સગીરા સાથે રેલવે સ્ટેશન ઊભો છે તેવી બાતમી આપી હતી

વડોદરા, તા.૨

ભાવનગર ખાતે દેહવ્યાપાર માટે લઈ જવાતી ત્રણ સગીરાઓને દલાલના સંકજામાંથી પોલીસે મુક્ત કરાવી આંતરરાજ્ય

ચાઈલ્ડ ટ્રાફિકિંગ રેકેટનો પર્દાફાશ કર્યો છે. કેવી રીતે દલાલો સગીરાઓને દેહવ્યાપારના ધંધામાં ધકેલે છે.

૩૧ માર્ચની રાત્રે કોઈ જાગૃત નાગરિકે ચાઈલ્ડ હેલ્પલાઈનને ફોન કરી એક શંકાસ્પદ ઈસમ ત્રણ સગીરા સાથે રેલવે સ્ટેશન ઊભો છે તેવી બાતમી આપી હતી. જેને લઈ ચાઈલ્ડ હેલ્પલાઈનની ટીમ સયાજીગંજ પોલીસ સાથે રેલવે સ્ટેશન પહોંચી સગીરા સાથે રહેલ ઈસમને ઝડપી લીધો અને પૂછપરછ માટે સયાજીગંજ પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યો હતો.

આરોપી સુરેશ ઉર્ફે રાજુ જયસ્વાલને પોલીસ સ્ટેશનમાં લાવી ઘનિષ્ઠ પૂછપરછ કરતાં આરોપી સુરેશ દ્વારા એક સગીરાને મુંબઈથી તથા રાજસ્થાનના વિષ્ણુ નામના ઈસમે રાજસ્થાનથી બે દિકરીઓને લાવી ભાવનગર ખાતે લઈ જઈ એકને રૂ.૬૦,૦૦૦/- માં તથા અન્ય બે સગીરાઓને રૂપિયા ૧૦૦૦૦-૧૦૦૦૦માં સોદો કર્યો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

ભાવનગરના ઈસમ વિશાલ મકવાણાને આ ત્રણેય સગીરાઓને સોંપવાનુ નક્કી કરાયું હતું. આ બનાવમાં હાલ સુરેશ જયસ્વાલની ધરપકડ કરવામાં આવી છે તથા રાજસ્થાનના વિષ્ણુ તથા ભાવનગરના વિશાલ મકવાણાને પોલીસે વોન્ટેડ જાહેર કર્યા છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું કે ત્રણેય સગીરાઓ રાજસ્થાનના એક જ ગામડાની છે, ત્રણેય સગીરાઓને આરોપી વિષ્ણુએ બાળકીઓને ફરવા લઈ જવાનું કહી ઘરેથી લઈ ગયો અને બાળકીઓનો બારોબાર સોદો નક્કી કરી દીધો. આરોપી વિષ્ણુ સગીરાઓના કુટુંબનો હોવાની માહિતી પણ પોલીસને મળી છે. પોલીસે હાલમાં ત્રણેય દિકરીઓને તેઓના વાલી વારસોને સોંપવાની તજવીજ હાથ ધરી છે...આરોપીઓને પકડવા સયાજીગંજ પોલીસની બે ટીમો રાજસ્થાન અને ભાવનગર મોકલવામાં આવી છે. જ્યાં આરોપીઓની સઘન શોધખોળ પોલીસ હાથ ધરશે.

રમઝાન મહિનો ચાલી રહ્યો છે... મુસ્લિમ પરિવારો આખો દિવસ રોજા રાખે છે... જ્યારે રોજા ખોલવાનો સમય થાય છે ત્યારે મુસ્લિમ પરિવારો કોઈપણ સ્વીટ (મિઠાઈ) ખાઈને રોજા ખોલતા હોય છે... જેમાં મુસ્લિમ પરિવારોની ખુબ લોકપ્રિય વાનગી સેવૈયા રહેલી છે... અમદાવાદમાં સેવૈયા બનાવવાની કામગીરી રોજેરોજ પુરી જોશમાં ચાલી રહી છે...

પાટીદાર પરિવાર કરશે ભગવાન જગન્નાથનું મામેરું

૧૦ વર્ષથી પાટીદાર રાહ જોતો હતો : શાયોના ગ્રુપના યજમાનનું નામ ડ્રોમાં ખૂલ્યું છે : ઘનશ્યામ પટેલનો પરિવારને મામેરું કરવાનો અવસર મળશે

અમદાવાદ, તા.૨

ભગવાન જગન્નાથની ૧૪૬ મી રથયાત્રાને લઈને અત્યારથી જ તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ભગવાન જગન્નાથના મોસાળવાસીઓએ તૈયારીઓ શરૂ કરી છે. ત્યારે તે પહેલા મામેરું કોણ ભરશે તે નક્કી કરાતું હોય છે. લકી ડ્રો દ્વારા મામેરુ કરનાર યજમાનનું નામ પસંદ કરાતું હોય છે. ત્યારે આ વખતે ઘનશ્યામ પટેલનો પરિવાર નસીબદાર નીકળ્યો, તેઓ ભગવાન જગન્નાથના મામેરાના યજમાન બન્યા છે.

શાયોના ગ્રુપના યજમાનનું નામ ડ્રોમાં ખૂલ્યું છે. ઘનશ્યામ પટેલનો પરિવાર યજમાની માટે ૧૦ વર્ષથી મામેરાની રાહ જોઈ રહ્યો હતો, આખરે તેમને ભગવાનનું મામેરું કરવાનો અવસર મળશે.

ભગવાનું મામેરૂ કરવું એ તો જીવનસભર એક લ્હાવો હોય છે. વર્ષો સુધી મામેરાનું બુકિંગ એડવાન્સમાં થઈ જતું હોય છે. તેમાં પણ ડ્રો કરવામાં આવતો હોય છે. જો નંબર લાગી જાય તો જીવન ધન્ય-ધન્ય થઈ જતું હોય છે તેવી શ્રદ્ધાળુઓમાં આસ્થા છે. ત્યારે મામેરા માટે યજમાનનું નામ પસંદ કરવા માટે એક ખાસ ડ્રો કરવામા આવે છે. જેનું નામ નીકળે તે ભગવાનનું મામેરુ કરે. મામેરુ કરવા યજમાનો વર્ષોથી રાહ જુએ છે. યજમાન બનવા માટે એડવાન્સ બુકિંગ થતા હોય છે.

આ વખતે ભગવાનનું મામેરું કરવા કુલ ૯ યજમાનોના નામ વચ્ચે ડ્રો થયો હતો. ડ્રો દ્વારા ચીઠ્ઠીમાં શાયોના ગ્રૂપના ઘનશ્યામ પટેલનું નામ યજમાન તરીકે જાહેર થયું છે. તેઓએ કહ્યું કે, ભગવાનના મામેરાને લઈ તેમના પરિવારમાં ભારે ઉત્સાહ છે. ડ્રોમાં નામ નીકળતા ઘનશ્યામ પટેલે જણાવ્યું કે, જગન્નાથ એ નાથોના નાથ કહેવાય છે. મારા પરિવારને મામેરું કરવાનો લ્હાવો મળ્યો છે. અમે ધામધૂમથી ભગવાનનું મામેરુ કરીશું.

ઉજ્જૈનથી પરત ફરતાં ખેલાડીઓને નડ્યો અકસ્માત, કારનું પડીકું વળ્યું

ખેડા, તા.૨

ખેડા જિલ્લાના કઠલાલ પાસેથી પસાર થતા અમદાવાદ-ઈન્દોર હાઈવે ફરી એક વખત મોતની ચીચીયારીઓથી દ્રવી ઉઠ્યો છે. કઠલાલ પાસેના આ હાઈવે પર આજે વહેલી સવારે એક ગોઝારા અકસ્માતમાં બે યુવાનોને કાળ ભરખી ગયો છે. હાઈવે પર રોંગ સાઈડે પુરપાટે આવતા ડમ્પરે ઈનોવા કારને ટક્કર મારતાં ઈનોવા કારનો લોચો વળી ગયો હતો. કારમાં બેઠેલા ૭ વ્યક્તિઓ પૈકી બે લોકોના સ્થળ પર મોત નિપજ્યાં છે. જ્યારે ૫ વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર હેઠળ ખસેડાયા છે. કઠલાલ પોલીસે સ્થળ પર પહોંચી ફરિયાદ નોધી છે.

મૃતક અને ઈજાગ્રસ્ત યુવાનો રાષ્ટ્રીય રમતગમત ક્ષેત્રે નામના ધરાવતા હોવાનુ પોલીસ વર્તુળો દ્વારા માલુમ પડ્યું છે. કારમાં સવાર આ તમામ લોકો રેલવે વિભાગમાં જ નોકરી કરે છે અને તમામ લોકો ઉજ્જૈન ખાતે દર્શન કરવા ગયા હતા. બાદમાં પરત ફરતી વેળાએ અકસ્માત નડ્યો છે, તેમ તપાસ કરનાર પોલીસ અધિકારી એસ.બી.દેસાઈએ જણાવ્યું છે.

કારમાં કાર ચાલક સહિત ૭ લોકો સવાર હતા, જે પૈકી બે યુવાનો વિનોદભાઈ રાજપાલસિગ ચૌહાણ (ઉ.વ.૩૬, રહે.ગાધીનગર), ગજાનંદ ભોલેનાથ ઉપાધ્યાય (ઉ.વ.૪૦, રહે.ગાધીનગર)ને ગંભીર ઈજાઓ થતા સ્થળ પર જ કમકમાટીભર્યું મોત નીપજયું હતું. જ્યારે કારમાં સવાર મધુકુમાર વીરસિંગ રાજપુત, ઉમેદસિંગ મોહનસિંગ રાજપુત, મુકેશભાઈ કાનજીભાઈ દેસાઈ, હનુમાનસિંગ શ્રીબલવીરસિંગ રાજપુત અને ઓમનારાયણ શ્રીપતસિહ પરમારને ઈજાઓ પહોંચી હતી. જેથી આ ઈજાગ્રસ્તોને તુરંત ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

અમેરિકા-કેનેડા બોર્ડર પર માર્યા ગયેલા ૩ ગુજરાતી માણેકપુરાના હોવાનું ખૂલ્યું

અમેરિકા જવા નીકળ્યા હતા : બોટમાં સેન્ટ લોરેન્સ નદી ક્રોસ કરી રહ્યા હતા ત્યારે ખરાબ હવામાનને કારણે દુર્ઘટના બનવા પામી હતી

અમદાવાદ, તા.૨

અમેરિકા-કેનેડા બોર્ડર પર મોતને ભેટેલા આઠ લોકોમાં સામેલ ત્રણ ગુજરાતીઓની ઓળખ થઈ ગઈ છે. આ તમામ લોકો કેનેડાની બોર્ડર ક્રોસ કરી ગેરકાયદે રીતે અમેરિકા જવા નીકળ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ત્રણેય ગુજરાતીઓ ચૌધરી સમાજના છે અને તેઓ મહેસાણા જિલ્લાના માણેકપુરા ગામના હતા. મૃતકોમાં ૫૦ વર્ષના પ્રવીણ ચૌધરી, તેમની ૨૪ વર્ષની દીકરી વિધિ અને ૨૦ વર્ષનો દીકરો મિત સામેલ છે. જોકે, કેનેડિયન પોલીસ દ્વારા સત્તાવાર રીતે તેમના નામ હજુ સુધી જાહેર કરવામાં નથી આવ્યા. ગુરૂવારે અમેરિકા-કેનેડા બોર્ડર પર સેન્ટ લોરેન્સ નદીમાં જે બોટ પલ્ટી હતી તેમાં સવાર ૮ લોકોના મૃતદેહ રેસ્ક્યુ ટીમને મળ્યા હતા. તે વખતે મૃતકોમાં સામેલ ત્રણ લોકો ભારતીય હોવાનું બહાર આવ્યું હતું, પરંતુ તેમની ઓળખ પ્રસ્થાપિત નહોતી થઈ શકી.

મૃતકોમાં સામેલ ત્રણ લોકો ગુજરાતી હોવાનું કન્ફર્મ થતાં ગુજરાત પોલીસ પણ આ કેસની તપાસમાં સામેલ થાય તેવી પૂરી શક્યતા છે.

ભડકાઉ ભાષણ કરનાર કાજલ હિન્દુસ્તાની વિરુદ્ધ FIR નોંધાઈ

ઉનામાં માહોલ તંગ બન્યા બાદ આજે શાંતિ : ૧ એપ્રિલના દિવસે અચાનક ઉના શહેર ટપોટપ બંધ થવા લાગ્યું અને ઉના શહેરભરમાં માહોલ તંગ થયો હતો

ગીર સોમનાથ, તા.૨

ઉનામાં ભડકાઉ ભાષણ કરનાર નેતા કાજલ હિન્દુસ્તાની વિરુદ્ધ એફરઆઈ નોંધાઇ છે. તો બીજી તરફ રાયોટિંગની પણ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. ગીર સોમનાથના ઉના શહેરના, જ્યાં રામ નવમી ના દિવસે કાજલ હિન્દુસ્તાનીના ભડકાઉ ભાષણ બાદ ઉનામાં તંગદિલીનો માહોલ સર્જાયો હતો. ત્યારબાદ બીજા દિવસે એટલે કે, ૧ એપ્રિલના દિવસે અચાનક ઉના શહેર ટપોટપ બંધ થવા લાગ્યું અને ઉના શહેરભરમાં માહોલ તંગ થયો હતો. જોકે બપોર બાદ શાંતિ સમિતિની બેઠક મળી અને બેઠકમાં પણ તું તું મેં મેં થતા બેઠક રદ થઈ અને સાંજ થતાં ઉના શહેર ગીર સોમનાથ ઈન્ચાર્જ એસપી અને ધારાસભ્યના અધ્યક્ષ સ્થાને ફરી એકવાર બેઠક મળી.

જેમાં હિન્દી મુસ્લિમ બન્ને સમાજના અગ્રણીઓ વચ્ચે શાંતિના સમાધાન થયા. પરંતુ મોડી રાત્રે ઉના શહેરના કોર્ટ વિસ્તાર, કુંભાર વડા, ભોંયવડા સહિતના વિસ્તારોમાં તંગદિલી સર્જાતા પથ્થરમારાની પણ ઘટના બની હતી. જોકે મોડી રાત્રીના બનાવ બાદ રેન્જ આઈજી, જૅ સહિતનો કાફલો ફરી એકવાર ઉનામાં ખડકાયો અને જૅની પણ ટુકડી તૈનાત કરવામાં આવી.

જોકે સમગ્ર મામલે આખરે ભડકાઉ ભાષણ કરનાર કાજલ હિન્દુસ્તાની સામે પોલીસે ગુનો દાખલ કર્યો. એટલું જ નહિ અથડામણ કરનાર ટોળા સામે પણ રાયોટિંગની ફરિયાદ દાખલ કરવામાં આવી છે. પોલીસે અથડામણ કરનાર બન્ને બાજુમાં ૫૦ લોકોની અયકાયત કરી. તો રાત્રીના પથરમારાની ઘટનામાં ૨ વ્યક્તિઓને સામાન્ય ઈજા પણ પહોચી છે. બન્ને ઘટનામાં પોલીસ ખુદ ફરિયાદી બની.

નીલગાયનો ત્રાસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નીલગાય રહેવા ન દેતા ઉછેર કરવાનુ પણ મુશ્કેલ બનતુ જાય છે. શહેરના નવા સેકટરોમાં ઘ- ૨ થી ગ-૨ તરફ જવાના માર્ગ પર નીલગાય રખડતી નજરે પડે છે. જયારે આવા સંજોગોમાં અનેકવાર અકસ્માતો પણ સર્જાયા છે. આ ઉપરાંત ઘ- ૨ ના સર્કલ પાસે પણ નીલગાય આંટાફેરા મારતા ગમે ત્યારે જાનલેવા અકસ્માત થવાની દહેશત છે. જયારે સે-૮ ના વન આરક્ષિત વિસ્તારમાં નીલગાયનો અડ્ડો જોવા મળે છે. એકબાજુ વનતંત્ર દ્વારા આગામી ચોમાસામાં નવા રોપાઓની વાવણી માટે ખાડા ખોદવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. જયારે બીજીતરફ નવા રોપાઓના ઉછેર માટે જોખમી બનતા પરિબળોને ડામવા માટે કોઇ પગલા લેવાતા નથી. સ્માર્ટ સીટી તરીકે ઉભરતા નગરના સેકટરોમાં રખડતા ઢોરનો ત્રાસ વધી ગયો છે. સેકટરવાસીઓ કોર્પરેશનની નાટકીય ઝુંબેશથી પણ પરેશાન બન્યા છે. રખડતા ઢોરની સમસ્યાનો ઉકેલ આવ્યો નથી જેના લીધે ઘણીવાર તોફાની આખલાઓના લીધે સેકટરવાસીઓને ગંભીર ઇજા પહોંચી હોવાના પણ દાખલા છે. શહેરના સેકટરોને નીલગાયના ત્રાસમાંથી મુકત કરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

પર્દાફાશ

● અનુસંધાન પહેલાનું ચાલુ

બિગ બાસ્કેટ, બુક માય શો, ઈન્સ્ટાગ્રામ, જોમેટો, પોલિસી બજાર, અપરસ્ટોક્સ જેવા મુખ્ય સંગઠનોના ગ્રાહકોનો પણ ડેટા છે. આરોપી ૧૦૪ કેટેગરીમાં રાખવામાં આવેલા લગભગ ૬૬.૯ કરોડ વ્યક્તિઓ અને સંગઠનો તથા ગોપીનીય ડેટા વેચતા ઝડપાયો તો. જેમાં ૪૪ કેટેગરીમાં બનાવવામાં આવેલા ૨૪ રાજ્યો અને ૮ શહેરોના વ્યક્તિઓ તથા સંગઠનોના ૫૧.૯ કરોડ લોકોનો ડેટા સામેલ છે. આરોપી પાસેથી કેટલાંક મહત્વપૂર્ણ ડેટાઓમાં સુરક્ષાકર્મીઓ, સરકારી કર્મચારીઓ, પાનકાર્ડ ધારકો, ધોરણ ૯થી ૧૨ના વિદ્યાર્થીઓ, વરિષ્ઠ નાગરિકો, દિલ્હીના વીજળીના ધારકો, ડી મેટ ખાતા ધારરો, વિવિધ વ્યક્તિઓ, નીટના વિદ્યાર્થીઓ, વ્યક્તિઓ, વીમાધારકો, ક્રેડિટ કાર્ડ અને ડેબિટ કાર્ડ ધારકોનો ડેટા તથા મોબાઈલ નંબર સામેલ છે. પોલીસ અધિકારીઓનું કહેવું છે કે, આરોપી વ્યક્તિ ફરીદાબાદ, હરિયાણામાં એક વેબસાઈટ ઈન્સ્પાયરવેબ્ઝના માધ્યમથી કામ કરી રહ્યો હતો. તે ક્લાઉડ ડ્રાઈવ લિંકના માધ્યમથી ગ્રાહકોનો ડેટાબેઝ વેચી રહ્યો હતો. પોલીસે બે મોબાઈલ ફોન અને બે લેપટોપ તથા સરકારી, ખાનગી સંસ્થાઓ, વ્યક્તિઓની સંવેદનશીલ માહિતીવાળી ૧૩૫ કેટેગરીના ડેટાબેઝ કબજે કર્યા છે.

તોફાનીઓને

● અનુસંધાન પહેલાનું ચાલુ

જઈ શક્યો નથી. હું જલ્દી સાસારામ જઈશ. આ સાથે જ અમિત શાહે જેડીયુના રાષ્ટ્રીય અધ્યક્ષ પર નિશાન સાધતા કહ્યું કે હું દેશનો ગૃહમંત્રી છું, તેથી હું બિહારની સાથે સાથે સમગ્ર દેશની ચિંતા કરું છું. સાસારામ અને નાલંદા હિંસા પર બોલતા અમિત શાહે કહ્યું કે હું બિહારના લોકોને કહેવા માંગુ છું કે ૨૦૨૪માં બિહારને ૪૦ સીટો આપો અને ૨૦૨૫માં ભાજપની સરકાર બનાવો. તોફાનીઓને ઉંધા લટકાવીને સીધા કરવામાં આવશે. અમે તુષ્ટિકરણની રાજનીતિ નથી કરતા. સાસારામ અને નાલંદાની ઘટનાથી હૃદય દુઃખી છે. સીએમ નીતિશ કુમાર પર નિશાન સાધતા અમિત શાહે કહ્યું કે તેઓ ખુરશી માટે લાલુ યાદવનો ટેકો છોડી શકે તેમ નથી. પરંતુ ભાજપની કોઈ મજબૂરી નથી. બીજી તરફ અમિત શાહે લાલુ પ્રસાદને સંદેશ આપતા કહ્યું કે જો તમે વિચારી રહ્યા છો કે નીતિશ કુમાર પીએમ બનશે અને નીતીશજી તમારા પુત્ર તેજસ્વી યાદવને સીએમ બનાવશે તો આશા છોડી દો. કારણ કે ન તો નીતિશ કુમાર પીએમ બનશે અને ન તો તેજસ્વીને સીએમ બનાવશે. ગૃહમંત્રીએ કહ્યું કે વિવિધ સ્થળોએ જાતિવાદની રાજનીતિ કરી રહેલા નીતિશ કુમાર અને ભ્રષ્ટાચારના પ્રણેતા લાલુ યાદવ સાથે ક્યારેય કોઈ સમજૂતી કરવામાં આવશે નહીં. વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ કાળાબજાર અને ભ્રષ્ટાચારમાંથી મુક્તિ અપાવશે.